૨

ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજય ફંડ(state fund for PWD)ની રૂ.૧૦.૦૦ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ અપગ/૧૦૨૦૧૮/૧૧૮૧૦/ન.બા.3/છ-૧,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૦૪/૦૪/૨૦૧૮.

વંચાણે લીધા:-

(૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૧/૦૧/૨૦૧૮નો પત્ર નં. યજન/નવી બાબત/૧૭-૧૮/3/૨૦3.

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરનો તા.૦૮/03/૨૦૧૮નો પત્ર નં. સસુખા/અપગ/નવી બાબત/૧૭-૧૮/૨૭૧.

આમુખ :-

ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટીઝ એક્ટ-૨૦૧૬ અંતર્ગત ડીસએબીલીટીઝ ફંડ ઉભું કરવા માટે કાયદાની કલમ- ૮૮ અનુસાર દિવ્યાંગો માટે રાજ્ય ફંડ(state fund for PWD) ઉભું કરવાની જોગવાઈ છે.

ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસએબીલીટીઝ એક્ટ-૨૦૧૬ અંતર્ગત કેન્દ્ર સરકાર દ્વારા મોડેલ રૂલ્સ બનાવેલ છે. જેના નિયમ-33માં રાજ્ય ફંડ ઉભું કરવાની જોગવાઈ છે.જ્યારે રાજ્ય સરકારના સદર કાયદા અંતર્ગત નિયમો બનાવવાની કાર્યવાહી હાલ પ્રગતિમાં છે. સદર ડ્રાફ્ટ રૂલ્સના નિયમ- 33 અનુસાર રાજ્ય ડીસેબીલીટીઝ ફંડની જોગવાઈ કરવાની થાય છે. જેનો રાજ્ય સરકાર દ્વારા સ્વીકાર કરવામાં આવેલ છે.

ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજય ફંડ ઉભું કરવા અંગેની વર્ષ ૨૦૧૮-૧૯નાં અંદાજપત્રમાં મંજુર રહેલ નવી

બાબતની રૂ.૧૦.૦૦ લાખની જોગવાઈનો ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલા ક્રમાંક: (૨)ની નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરની દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતાની કચેરી, ગાંધીનગરના વંચાણે લીધેલા ક્રમાંક: (૧) અને (૨) પરના પત્રોથી કરવામાં આવેલ દરખાસ્તના અનુસંધાને ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ અન્વયે દિવ્યાંગ રાજય ફંડ(state fund for PWD)ની રૂ.૧૦.૦૦ લાખની ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ધી રાઈટ્સ ઓફ પર્સન્સ વીથ ડીસેબીલીટીઝ એક્ટ-૨૦૧૬ અન્વયે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં દિવ્યાંગ રાજય ફંડની રૂ.૧૦.૦૦ લાખ(અંકે રૂપિયા દશ લાખ પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી આ ફંડનો ઉપયોગ અંગે ચોક્કસ નિયમો તૈયાર કરી તે અંગે રાજ્ય સરકારની મંજુરી મેળવી લેવાની શરતે તેમજ નીચેની શરતોને આધિન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ વર્ષ ૨૦૧૮-૧૯ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો-વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરિયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(3) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૨, મુ.સ.-૨૨૩૫-૦૨-૧૦૧-૦૧ બજેટ હેડ હેઠળ પાડવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૨૮/૦૩/૨૦૧૭ની નોંધથી મળેલ સંમતિ અન્વયે રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( આર. કે. પાંડર )
સેક્શન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, વિકલાંગ કમિશ્નરશ્રીની કચેરી, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, બ્લોક નં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (કરકસર), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાકીય સલાહકારશ્રી (સા.ન્યા.), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટટ જનરલશ્રી, ગુજરાત, અમદાવાદ / રાજકોટ.
- સર્વે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ (મારફતે:- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં. ૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર)
- છ શાખા/બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઈલ.